૨૧૦ કરોડના કૌભાંડમાં ૬ સાયબર માફિયા વડોદરામાંથી ઝડપાયા

આરોપીઓના મોબાઈલ ફોનમાંથી ૫૦ થી વધુ બેંક એકાઉન્ટની વિગતો મળી

ઝડપાયેલા આરોપીઓ અને તેમની ભૂમિકા

૧. અબ્દુલ કબીર મહોમ્મદ પઠાણ (મુખ્ય ભૂમિકા, બેંક એકાઉન્ટમાંથી ફ્રોડના નાણાં ઉપાડવા અને ફેરવવા)
૨. વિવેક નરેશભાઈ વણઝારા (પોતાના અને મિત્રોના નામે ખાતા ખોલાવી કમિશન મેળવનાર)
૩. મયંક પ્યારેલાલ બૈરવા (બેંક ખાતા ઓપરેશનમાં સહયોગી)
૪. રોહિત વર્મા (બેંક ખાતા મારફતે નાણાં ઉપાડી કમિશન મેળવનાર)
૫. મોહિત રાવલ (મોબાઈલ શોપ મારફતે નેટવર્ક સાથે જોડાણ પૂરું પાડનાર)
૬. દિપેશ રાજપુરોહિત ઉર્ફે મોન્ટુ (સૂત્રધાર હોવાનું સામે આવ્યું છે, જે લગભગ 40 જેટલા બેંક ખાતાઓના નેટવર્કનું સંચાલન કરતો હતો)

ગાંધીનગર : રાજ્યની સીઆઈડી ક્રાઈમના ગાંધીનગર સ્થિત 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમ્યાન વડોદરામાં દરોડો પાડીને સાયબર ફ્રોડના નાણા સગેવગે કરવા માટે બેંક એકાઉન્ટ પ્રોવાઈડ કરતી ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.દરોડાની આ કાર્યવાહીમાં કુલ ૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેઓ દેશભરમાં ફેલાયેલા કરોડો રૂપિયાના સાયબર ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ખાસ ટીમ બનાવી ખાનગી બાતમીના આધારે વડોદરામાં દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ પૂર્વ આયોજનબદ્ધ રીતે ગેરકાયદેસર રીતે પોતાના તેમજ અન્ય લોકોના નામે બેંક ખાતાઓ ખોલાવ્યા હતા. આ ખાતાઓનો ઉપયોગ સાયબર ક્રાઇમ અને ઓનલાઈન ગેમિંગ મારફતે મળેલા ફ્રોડના નાણા સગેવગે કરવા માટે કરવામાં આવતો હતો.આરોપીઓ એકાઉન્ટ ધારકો પાસેથી ATM કાર્ડ, ચેકબુક અને સિમ કાર્ડ મેળવી બેંક અને ATMમાંથી નાણાં ઉપાડી અન્ય સાગરિતોને પહોંચાડતા હતા. આ સમગ્ર ગેંગ સંકલિત રીતે કામ કરીને સાયબર ફ્રોડના ગુનાઓને અંજામ આપતી હતી.તપાસમાં ખુલ્યું છે કે આ ગેંગના ખાતાઓ સાથે જોડાયેલી દેશભરમાં અંદાજે 273 સાયબર ઠગાઈની ફરિયાદો નોંધાઈ છે, જેમાં કુલ રૂ. 210 કરોડથી વધુની છેતરપિંડી થઈ હોવાનો અંદાજ છે.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસપી ડો. રાજદિપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે આ ગેંગ દ્વારા અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૨૧૦,૭૦,૫૨,૨૪૭ (૨૧૦ કરોડથી વધુ) રકમનું સાયબર ફ્રોડ કરવામાં આવ્યું છે. તપાસ દરમિયાન આરોપીઓના મોબાઈલ ફોનમાંથી ૫૦ થી વધુ બેંક એકાઉન્ટની વિગતો મળી આવી છે. આ એકાઉન્ટ્સ દ્વારા ભારતના અલગ-અલગ રાજ્યોમાં કુલ ૨૭૩ જેટલા ગુનાઓ આચરવામાં આવ્યા હોવાની પુષ્ટિ થઈ છે.

ઉમરગામના સામૂહિક આપઘાત કેસમાં આરોપીના જામીન મંજૂર કરતી હાઈકોર્ટ

સુરતઃ ઉમરગામની ફરિયાદ મુજબ આરોપી સંજય પટેલ નામના માણસે એક એફએક્સ બુલીયન નામની ઓનલાઈન ટ્રેડીંગમા ફરીયાદીના દિકરા શિવમ વિશ્વકર્મા તથા તેના મિત્રો અને સાથે કામ કરતા કર્મચારીઓના પૈસા ટ્રેડીંગમા રોકી ફરીયાદીના દિકરાના પૈસા પરત નહીં કરી ફરીયાદીના દિકરા શિવમ વિશ્વકર્મા અને દિકરાની પત્ની આરતી વિશ્વકર્મા અને પુત્રને મરવા માટે મજબુર કર્યા હતા. આ કેસમાં આરોપી મોહમદ અજમલ ઉસ્માન ગરાણા(સલાબતપુરા) ની તા. ૦૪/૦૪/૨૦૨૫ના રોજ ધરપકડ કરવામા આવી હતી. જે કેસમાં વલસાડના ત્રીજા એડીશનલ ડિસ્ટ્રીક્ટ જડજે આરોપીની જામીન અરજી નામંજૂર કરતાં આરોપીએ વકીલ ઝફર બેલાવાલા તથા અનિક ટીમ્બાલીયા મારફતે ગુજરાત હાઈકોર્ટમા જામીન અરજી કરી હતી. જેની સુનાવણી બાદ હાઈકોર્ટે આરોપી મોહમદ અજમલની જામીન અરજી મંજૂર કરી હતી.

અમદાવાદના ચાંદખેડામાં ઢોંસાકાંડ કેસમાં રહસ્ય વધુ ઘેરાયું

બાળકીઓના શરીરમાં કોઈ જ શંકાસ્પદ તત્ત્વ મળ્યું નહીં

ડોક્ટરોના ફાઈનલ અભિપ્રાય બાદ જ આગળ શું થયું તે અંગે સ્પષ્ટતા થશેઃ પોલીસ

અમદાવાદઃ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં બે માસૂમ બાળકીના શંકાસ્પદ મોતના કેસમાં નવો વળાંક આવ્યો છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો રિપોર્ટ મળ્યા બાદ પણ મોતનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી, જેના કારણે સમગ્ર મામલો વધુ ગૂંચવાયો છે. ચકચારભર્યા આ કેસમાં હવે મૃત્યુનું ચોક્કસ કારણ શોધવા પોલીસ હવે લાઈ ડિટેક્શન ટેસ્ટનો સહારો લેશે તેવી શક્યતા જણાય છે.

ચાંદખેડા પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે અકસ્માત મોત હેઠળ નોંધાયેલા આ કેસમાં મિસ્ટી (ઉં.વ. 3 વર્ષ) અને રાહા (ઉં.વ. અંદાજે અઢી-ત્રણ મહિના)ના પોસ્ટમોર્ટમ દરમિયાન લેવામાં આવેલા વિસેરા સેમ્પલનો FSL રિપોર્ટ શનિવારે પ્રાપ્ત થયો છે. આ રિપોર્ટમાં કોઈ પણ શંકાસ્પદ તત્વ મળી આવ્યું નથી. હાલ આ રિપોર્ટ પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર પેનલને મોકલવામાં આવ્યો છે, જ્યાંથી "ફાઈનલ કોઝ ઓફ ડેથ" મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

હવે આગળની તપાસમાં સંદિગ્ધ વ્યક્તિઓના નિવેદનોની સત્યતા ચકાસવા માટે લાઈ ડિટેક્શન ટેસ્ટ કરાવવાની શક્યતા છે. સાથે જ સિવિલ હોસ્પિટલમાં મેડિકલ એક્સપર્ટ્સ દ્વારા તમામ રિપોર્ટનો સંયુક્ત અભ્યાસ કરવામાં આવશે. હાલમાં અમે કોઈ ઝેર કે અન્ય કારણ અંગે સ્પષ્ટતા કરી શકતા નથી. ડોક્ટરોના ફાઈનલ અભિપ્રાય બાદ જ આગળ શું થયું તે અંગે સ્પષ્ટતા થશે." આ ઘટનામાં પ્રાથમિક રીતે ઢોંસાના ખીરાને કારણે ફૂડ પોઈઝનિંગથી મોત થયાની શંકા વ્યક્ત થઈ હતી.

પરિવારના સભ્યોના નિવેદન મુજબ, સ્થાનિક ડેરીમાંથી લાવવામાં આવેલા ખીરાથી બનેલા ઢોંસા ખાધા બાદ આખા પરિવારની તબિયત બગડી હતી. માતા-પિતાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યારે બંને બાળકીઓનું દુઃખદ અવસાન થયું હતું. જોકે, FSL રિપોર્ટમાં ખીરા સાથે કોઈ સીધો સંબંધ જણાતો નથી.

આ કેસમાં તપાસ દરમિયાન પોલીસને પરિવારની એક ડાયરી મળી આવી છે, જેમાં પુત્ર પ્રાપ્તિ માટે પ્રાર્થનાઓ અને માનતાનો ઉલ્લેખ હોવાનું સામે આવ્યું છે. જોકે, પોલીસ આ ડાયરી ક્યારે લખાઈ હતી અને તેનો કેસ સાથે કોઈ સંબંધ છે કે નહીં તેની તપાસ કરી રહી છે.

પીએસઆઈ ભરતીની લેખિત પરીક્ષા 19 એપ્રિલના રોજ લેવાશે

ગાંધીનગરઃ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિત અન્ય સંવર્ગની ભરતી માટે 858 જગ્યાઓ માટે શારીરિક કસોટી યોજવામાં આવી હતી. જે પૈકી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની શારીરિક કસોટીમાં 1.10 લાખ જેટલા ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા. જેમની લેખિત પરીક્ષા 19 એપ્રિલ 2026ના રોજ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે 371 શાળાઓમાં યોજાનાર છે. જેના માટે કોલ લેટર ડાઉનલોડ કરવાનું શરૂ થઈ ગયેલા છે, અત્યાર સુધીમાં એક લાખથી વધુ ઉમેદવારોએ પોતાના કોલ લેટર ડાઉનલોડ કરી લીધા છે.

પોલીસ ભરતી બોર્ડના સૂત્રોના જણાવ્યા પ્રમાણે પોલીસ સબ ઈન્સ્પેક્ટર ભરતી ની લેખિત પરીક્ષા માટે 4000 જેટલા પોલીસ અધિકારી-કર્મચારી તથા 8000 જેટલા શિક્ષણ વિભાગના અધિકારી- કર્મચારીઓ પરીક્ષાલક્ષી કામગીરીમાં જોડવામાં આવ્યા છે. આ પરીક્ષામાં ઉમેદવારોના બાયોમેટ્રિક ફોટોગ્રાફ્સને લેખિત પરીક્ષા પહેલા બે વખત વેરિફિકેશન કરવામાં આવનાર છે.

દુબઈમાં મિનરલ વોટરના ધંધાના રૂ.2.63 કરોડની ઠગાઈમાં એક ઝડપાયો

વડોદરાના યુવાને દુબઈ જઈ પ્રેઝન્ટેશન બતાવ્યું પછી મિનરલ વોટરનો વ્યવસાય શરૂ કરવાનું કહી રૂ.2.63 કરોડ ટ્રાન્સફર કરાવી લીધા

સુરતઃ વડોદરાના યુવાન સાથે રૂ.2.63 કરોડની છેતરપિંડી કરનારા ચાર સામે ત્રણ વર્ષ પૂર્વે ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાયો હતો, જેમાં એકની ધરપકડ કરવામાં આવી છે. વડોદરાના સાવલી વિસ્તારમાં મિનરલ વોટરનો વ્યવસાય કરનારા યુવાનને મુંબઈના એક મિત્રએ દુબઈમાં મિનરલ વોટરનો વ્યવસાય કરવાનું કહી દુબઈની પાર્ટી સાતે મુલાકાત કરાવી હતી. ત્યાર બાદ રૂ.2.63 કરોડ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. પછી વડોદરાના યુવાનને ખ્યાલ આવ્યો કે પોતે છેતરાયો છે. જેથી તેમણે સુરત ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી.

વડોદરામાં રહેતા આકાશ પરસોતમભાઈ વાઘેલા (ઉં.વ.33) એ તા.30-7-2023ના રોજ સુરત ક્રાઈમ બ્રાંચમાં નોંધાવેલી ફરિયાદમાં મુંબઈ રહેતા તેમના મિત્ર જિતેન્દ્ર શાહે એવી વાત કરી હતી કે તે દુબઈ સ્થિત રોયલ ફેમિલીના ઈન્વેસ્ટમેન્ટનું કામકાજ નિમત સીંઘાનિયા સંભાળે છે.

જો તમારે મિનરલ વોટરનો વ્યવસાય દુબઈમાં શરૂ કરવો હોય તો આ કંપની સાથે તમારો સંપર્ક કરાવી આપું. આ વાત માટે નમિત અને ફરિયાદી આકાશભાઈ બંને સુરતમાં ભેગા થયા હતા. ત્યાં વાત થઈ હતી. જેથી સુરત ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ છે. તે વખતે આકાશ વાઘેલાએ રસ દાખવ્યો હતો. જેથી બંને દુબઈ ગયા હતા. જ્યાં અનુરાગ મહેશ્વરી અને અમિત લખનપાલ સમક્ષ મિનરલ વોટરનું પ્રેઝન્ટેન્શન પણ કર્યું હતું. જેના આધારે અનુરાગ અને નમિતે મિનરલ વોટરનો વ્યવસાય દુબઈમાં શરૂ કરવાની તૈયારી દર્શાવી હતી. જેના ભાગરૂપે પ્રથમ તબક્કામાં રૂ.2.30 કરોડ અને બીજા તબક્કામાં 33 લાખ મળી કુલ રૂ.2.63 કરોડ પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. પછી યુ.કે.ની એક કંપનીમાંથી લોન પાસ થઈ હોવાનો ઈ-મેઈલ આકાશ વાઘેલા પર આવ્યો હતો. વારંવાર આ રીતે લોન એપ્રુઅલનો મેઈલ આવતાં આકાશ વાઘેલાને શંકા ઉત્પન્ન થઈ હતી. જેથી તેમણે યુ.કે.માં આ મેઈલની ખરાઈ કરી તો ખ્યાલ આવ્યો કે આ બનાવટી, બોગસ મેઈલ છે. જેથી પોતાની સાથે છેતરપિંડી થયાનું જાણી ગયેલા આકાશ વાઘેલાએ 2023ના વર્ષમાં સુરત ક્રાઈમ બ્રાંચમાં નમિત સીંઘાનિયા, અનુરાગ મહેશ્વરી અને અમિત લખનપાલ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

તપાસનીશ અધિકારી ક્રાઈમ બ્રાંચના પોઈ એસ.એન.પરમારે કહ્યું હતું કે, અનુરાગ શ્રીનિવાસ મહેશ્વરી (ઉં.વ.47) (રહે.,ઋતુ એન્ક્લેવ, કવેસર ઘોડબંદર રોડ, થાણે વેસ્ટ, મહારાષ્ટ્ર તથા ગોલ્ડન સેન્ટેન્સ ટેન મનકુળ દુબઈ)ની ધરપકડ કરવામાં આવી છે.

જે દુબઈથી મુંબઈ આવવાનો હોવાની બાતમી સાંપડતાં ક્રાઈમ બ્રાંચની એક ટીમ મુંબઈ એરપોર્ટ ખાતે પહોંચી ગઈ હતી. જેવો અનુરાગ મહેશ્વરીએ મુંબઈ એરપોર્ટ પર પગ મૂક્યો કે તુરંત જ તેને દબોચી લેવામાં આવ્યો હતો. આ અગાઉ 2023ના વર્ષમાં જ પોલીસે જિતેન્દ્ર શાહની મુંબઈ ખાતેથી ધરપકડ કરી હતી.

સાસુને જીવતા સળગાવનાર જમાઈની ભેસ્તાનથી ધરપકડ

પાંડેસરાના ગૌરીનગરમાં બે દિવસ પહેલા હૃદયદ્રાવક ઘટના બની હતી

સુરતઃ સગાઈની બાબતમાં મનદુઃખ રાખી બનેવીએ સાસુની હત્યા કરી હતી અને સાળાને પણ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર રીતે દાઝેલી વૃદ્ધાનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજતા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

પાંડેસરાના ગૌરીનગર સોસાયટીમાં રહેતા આશાબેન સુનીલભાઈ જાદવની દીકરી રોહિણીની સગાઈ બાબતે તેમના બનેવી મનોહર હિંમત મહાજન (ઉં.વ. 49) સાથે વિવાદ ચાલતો હતો. મનોહર ઈચ્છતો હતો કે રોહિણીની સગાઈ તેના સગા-સંબંધીમાં થાય, પરંતુ આશાબેને પુત્રીની સગાઈ અન્ય સ્થળે કરી દીધી હતી. આ વાતની અદાવત રાખી ગત તારીખ 15/04/2026ના રોજ સવારે મનોહર પ્લાસ્ટિકની બોટલમાં જ્વલનશીલ પ્રવાહી અને સળગતું લાકડું લઈને ગૌરીનગર પહોંચ્યો હતો.ત્યાં ઓટલા પર બેસેલા તેના સાસુ રત્નાબેન સોનવણે પર મનોહરે પ્રવાહી છાંટી સળગતા લાકડા વડે આગ ચાંપી દીધી હતી. આટલું જ નહીં, તેણે આશાબેનના દીકરા હરીશને પણ સળગાવવાનો પ્રયત્ન કર્યો હતો અને ત્યારબાદ ત્યાંથી નાસી છૂટ્યો હતો. ગંભીર હાલતમાં રત્નાબેનને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ગત રાત્રે સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. પોલીસે ગણતરીના કલાકોમાં હત્યારા મનોહર મહાજન (રહે. કર્મયોગી સોસાયટી-2, પાંડેસરા) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી ઘટનાને અંજામ આપ્યા બાદ શીરડી ભાગી ગયો હતો. સાસુનું મોત થયાના સમાચાર મળતા પરત સુરત આવતા જ ભેસ્તાન વિસ્તારમાં પોલીસના હાથે લાગી ગયાની પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી.

અમરોલીમાં દંપતીની દાદાગીરી: લોન ન ભરી અને બેન્કનું સીલ પણ તોડ્યું !

ફાઈનાન્સ કંપનીએ જપ્ત કરેલા મકાનમાં દંપતીનો 'ગેરકાયદે' પ્રવેશ: વિરોધ કરવા ગયેલી ટીમને ધમકી આપી

સુરતઃ અમરોલી વિસ્તારમાં આર્થિક છેતરપિંડી અને કાયદાના ઉલ્લંઘનનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બેન્કમાંથી લાખોની લોન લીધા બાદ હપ્તા ન ભરી હાથ ખંખેરી નાંખનાર દંપતીએ હદ તો ત્યારે કરી જ્યારે ફાઈનાન્સ કંપનીએ કાયદેસરની કાર્યવાહી કરી મકાન સીલ કર્યું હોવા છતાં તેનું સીલ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. એટલું જ નહીં, કાયદાકીય સમજાવટ માટે ગયેલી કંપનીની ટીમને થાય તે કરી લો, અમે અહીં જ રહીશું તેવી ધમકી આપતાં આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

અમરોલી-છાપરાભાઠા રોડ પર આવેલી આદર્શનગર સોસાયટી વિભાગ-૨માં રહેતા અલ્પેશ અરજણભાઈ ધોળકિયા અને તેમનાં પત્ની ધર્મિષ્ઠાબેને પોતાના રહેણાક મકાન પર એસ.આર.જી. ફાઈનાન્સ કંપનીમાંથી રૂપિયા ૨૨ લાખની મોર્ગેજ હોમ લોન લીધી હતી. લોન લીધા બાદ શરૂઆતમાં હપ્તા ભર્યા હતા. બાદ દંપતીએ હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું. કંપની દ્વારા વારંવાર નોટિસ આપવા છતાં કોઈ પ્રતિસાદ ન મળતાં કંપનીએ લીગલ પ્રોસેસ હાથ ધરી હતી. થોડા સમય પૂર્વે જ્યારે ફાઈનાન્સ કંપનીની ટીમ મકાનનો કબજો લેવા પહોંચી ત્યારે ધોળકિયા દંપતીએ ભારે હોબાળો મચાવ્યો હતો અને કાર્યવાહી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ફાઈનાન્સ ઓફિસર ભાવેશ મનુભાઈ ગોહિલે મક્કમ રહીને મકાન ખાલી કરાવી કંપની વતી કાયદેસરનું સીલ મારી દીધું હતું. કંપનીને એમ હતું કે, કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થઈ છે, પરંતુ દંપતીના મનમાં કંઈક બીજું જ ચાલતું હતું. અલ્પેશ અને તેની પત્નીએ મધ્ય રાત્રિએ અથવા ગુપ્ત રીતે બેન્ક દ્વારા લગાડવામાં આવેલું સીલ તોડી નાંખ્યું હતું અને ફરીથી ઘરમાં સામાન ગોઠવી કબજો જમાવી લીધો હતો. જ્યારે આ અંગે ફાઈનાન્સ ઓફિસર ભાવેશભાઈને જાણ થઈ ત્યારે તેઓ પોતાની ટીમ સાથે સ્થળ પર દોડી ગયા હતા. ત્યાં હાજર દંપતીએ નમ્રતા દાખવવાને બદલે ઉદ્ધતાઈભર્યું વર્તન કરી ધમકી આપી હતી કે, તમારાથી જે થાય તે કરી લેજો, અમે આ ઘર ખાલી કરવાના નથી. સરકારી અને કાયદેસરની સીલ મારવાની પ્રક્રિયાનું સરેઆમ ઉલ્લંઘન થતા ફાઈનાન્સ ઓફિસર ભાવેશ ગોહિલે અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે અલ્પેશ ધોળકિયા અને ધર્મિષ્ઠા ધોળકિયા વિરુદ્ધ ગેરકાયદે ગૃહ અપપ્રવેશ (Trespassing) અને કાયદાકીય પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવા બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પીએમ મોદી 26મી એપ્રિલે અમદાવાદમાં મતદાન કરવા આવશે

ગાંધીનગર : આગામી તા.26મી એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાનને પગલે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહ અમદાવાદ મતદાન કરવા આવી શકે છે, તેમ પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું.પીએમ મોદી રાણીપની વોર્ડમાં નિશાન સ્કૂલમાં મતદાર છે. જ્યારે અમીત શાહ નારણપુરામાં મતદાર છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલ થલતેજમાં મતદાર છે.

ઉધના ઝોન ઓફિસ નજીક ચટપટા રેસ્ટોરન્ટમાં આગ લાગી

સુરતઃ ઉધના ઝોન ઓફિસ સ્થિત આવેલી એક રેસ્ટોરન્ટમાં શનિવારે સવારે આગ લાગી હતી. ઘટનાનો કોલ મળતાની સાથે જ ઉધના, માન દરવાજા અને નવસારી બજાર ફાયરની ટીમનો કાફલો ઘટના સ્થળે દોડી જઈ આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ ઉધના ઝોન ઓફિસ નજીક ચટપટા રેસ્ટોરન્ટ આવી છે. ખૂલતાની સાથે જ સ્ટાફે કિચન એરિયામાં એક્ઝોઝ ફેન ચાલુ કર્યો હતો. દરમિયાન તેમાં શોર્ટ સર્કિટ થતાં એકાએક આગ લાગવાની શરૂઆત થઈ હતી. રેસ્ટોરેન્ટમાં હાજર સ્ટાફે આગ ઓલવવાના પ્રયાસો કર્યા હતા. જો કે, બાદમાં ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર જયેશ ટંડેલે જણાવ્યું હતુ કે, આગ લાગવાને કારણે એક્ઝોસ્ટ ફેનનો વાયરિંગ અને નાનોમોટો પરચુરણ સામાન બળી ગયો હતો. જો કે, રેસ્ટોરન્ટ હજી ખૂલી જ હતી અને તેમાં કોઈ ગ્રાહક આવ્યા ન હતા.

બીમારી જૂની હોય તો પણ ક્લેઈમ ચૂકવવો પડે

ગ્રાહક કોર્ટે ક્લેઈમની રકમ રૂ.૭.૭૦ લાખ વ્યાજ સાથે ચૂકવી આપવા હુકમ કર્યો

સુરતઃ વીમેદારને વીમો લેતાં અગાઉથી બીમારી હોવાની હકીકત છુપાવીને વીમો લીધો હોવાનું કારણ આગળ ધરી કેન્સરની સારવારનો ક્લેઈમ નકારવામાં વીમા કંપની પક્ષે સેવામાં ખામી થઈ હોવાનું ઠરાવી કેન્સરની સારવાર સંબંધિત ક્લેઈમની રકમ વીમેદારને વ્યાજ વળતર તથા ખર્ચ સહિત ચૂકવી આપવાનો વીમા કંપનીને સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કોરમે હુકમ કર્યો હતો. ફરિયાદી બંસીલાલ કીકાભાઈને મોઢામાં ચાંદી જેવું જણાતાં મુંબઈની હોસ્પિટલમાં સારવાર લેતાં ફરિયાદીને Carcinoma Left upper alveolus+palateનું નિદાન થયું હતું. જે અંગેની સર્જરી કરાવવામાં આવી હતી. આ અંગેના ખર્ચનો ક્લેઈમ વીમા કંપનીમાં કરવામાં આવતાં વીમા કંપનીએ ફરિયાદીને વીમો લેતાં અગાઉથી એટલે (Pre-Existing) Heart Diseaseનું કારણ બતાવી ક્લેઈમ નામંજૂર કર્યો હતો. જેથી ફરિયાદીએ એડ્વોકેટ શ્રેયસ દેસાઈ, ઈશાન દેસાઈ, પ્રાચી દેસાઈ મારફતે વીમા કંપની સામે ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે દલીલ કરવામાં આવી હતી કે, ફરિયાદીની બીમારી વીમો લીધો અગાઉથી ન હતી. જેથી તે ડિસ્ક્લોસ કરવાનો પ્રશ્ન જ ઉદભવતો નથી ગ્રાહક કોર્ટે ફરિયાદીની ફરિયાદ અંશતઃ મંજૂર રાખી વીમા કંપનીને ક્લેઈમની રકમ રૂ.૭,૭૦,૬૩૭ ફરિયાદીને વ્યાજ સાથે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

અડાજણમાં પ્લોટની બોગસ પાવર ઓફ એટર્નીથી લાખોનો ચૂનો ચોપડાયો

પ્લોટ પર ફેન્સિંગ કરવા ગયેલા માલિકને ટાંટિયાં તોડી નાંખવાની ધમકી

સુરતઃ અડાજણના એક વૃદ્ધને પાલનપોરની ખેતીની જમીન બિનખેતી હોવાનું કહી પધરાવી દઈ લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે પાલ પોલીસે પાવરદાર મહિલા અને અન્ય એક શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અડાજણ પ્રભુનગર સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય મનહરલાલ પરમારે વર્ષ-૧૯૯૦માં પાલનપોર ગામના સરવે નં.૨૦ વાળી જમીનમાં પ્લોટ ખરીદ્યા હતા. આ જમીન માલિકના પાવરદાર ભક્તિબેન જયંતીલાલ પટેલ (રહે.,આનંદ મહલ રોડ, અડાજણ) એ વિશ્વાસ આપ્યો હતો કે જમીન બિનખેતી (N.A.) છે. વર્ષ-૨૦૦૨માં વેચાણ દસ્તાવેજ પણ કરી આપવામાં આવ્યો હતો. મનહરલાલ વર્ષો સુધી મનપામાં વેરો પણ ભરતા રહ્યા, પરંતુ વર્ષ-૨૦૦૭માં જ્યારે તેઓ પંચાયતમાં નામ દાખલ કરાવવા ગયા ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. રેકોર્ડ પર જમીન ખેતીની હોવાનું બહાર આવતાં સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. આરોપી ભક્તિબેને પોતાની પાસે રહેલી પાવર ઓફ એટર્નીનો ખોટો ઉપયોગ કરી, ખેતીની જમીનને બિનખેતી તરીકે દર્શાવી મનહરલાલના પરિવારને પ્લોટ વેચી માર્યા હતા. આટલેથી જ ન અટકતાં આ વિવાદિત પ્લોટ પૈકીનો એક પ્લોટ નં.૬ જે મનહરલાલની બહેનના નામે હતો, તે મૂળ માલિકોએ અન્યને કબજા રસીદથી વેચી દીધો હતો. આ પ્લોટ અનેક હાથ ફરીને અંતે અડાજણના દેવરાજ નાગજી દેસાઈ પાસે પહોંચ્યો હતો. જ્યારે ફરિયાદી મનહરલાલ પોતાના પ્લોટ પર ફેન્સિંગ કરવા માટે ગયા ત્યારે ત્યાં હાજર દેવરાજ દેસાઈએ ઉશ્કેરાઈ જઈને તેમને ગંદી ગાળો આપી હતી. દેવરાજે મનહરલાલને ધમકી આપી હતી કે, જો હવે અહીં દેખાયા છો તો ટાંટિયાં તોડી નાંખીશ અને જાનથી મારી નાંખીશ. હાલ આ વિવાદિત પ્લોટ પર મજૂરોને રહેવા માટે ભાડે આપી દેવામાં આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે. જેને પગલે પોલીસે ભક્તિબેન પટેલ અને દેવરાજ દેસાઈ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

અનુસંધાન... પાના છેલ્લાનું

ઉધના, સચિન,...

વિભાગોને કડક સૂચના આપી છે. આ કામગીરી માટે ખાસ કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે, જેઓ ત્રણ દિવસમાં ડ્રાફ્ટ પ્રપોઝલ રજૂ કરશે. મનપાનું લક્ષ્ય છે કે જ્યારે સ્ટેશનો આધુનિક બને, ત્યારે ત્યાં સુધી પહોંચવાના રસ્તાઓ પણ તેટલા જ સુવિધાયુક્ત, પહોળા અને સુંદર હોય, જેથી મુસાફરોને વૈશ્વિક કક્ષાનો અનુભવ મળી શકે. હાલમાં ભેસ્તાન, ઉત્રાણ અને સચિન સ્ટેશનો માટે ડીપીઆર તૈયાર કરવાની જવાબદારી આરડીડી ડિપાર્ટમેન્ટ અને સંબંધિત ઝોન ફાળવવામાં આવી છે, જેથી વહેલી તકે આકર્ષક એપ્રોચ રોડની કામગીરી શરૂ કરી શકાય.

સુરતમાં PSI ભરતી...

સેશન બપોરે 3:00 કલાકે શરૂ થશે, જેમાં વર્ણનાત્મક પ્રકારનું પ્રશ્નપત્ર રહેશે. દરેક પેપરનો સમયગાળો ત્રણ કલાકનો રહેશે, જેથી ઉમેદવારોને પૂરતો સમય મળી રહે.

CCTV અને...

PI કક્ષાના અધિકારીઓને ઓબ્ઝર્વર તરીકે મુકવામાં આવ્યા છે, જેથી કોઈપણ ગેરરીતિને અટકાવી શકાય. પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કેન્દ્રો આસપાસ ખાસ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે, જેથી ઉમેદવારો નિરાંતે પરીક્ષા આપી શકે.

સુરત મનપાની...

માટે 170 કંટ્રોલ યુનિટ અને 310 બેલેટ યુનિટ ઉપયોગમાં લેવાશે. આ તમામ મશીનોમાંથી અંદાજે 15 ટકા મશીનો રિઝર્વ અને ટ્રેનિંગ માટે અલગ રાખવામાં આવ્યાં છે. જેથી કોઈ અનિચ્છનીય પરિસ્થિતિમાં તરત ઉપયોગ થઈ શકે. ઈવીએમની વિશ્વસનીયતા જળવાઈ રહે એ માટે તંત્ર દ્વારા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં મશીનોને સીલ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયા પારદર્શિતા અને વિશ્વાસ વધારવા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. હાલ ચાલી રહેલી ઈવીએમ સીલિંગ કામગીરી આગામી બે દિવસમાં પૂર્ણ થવાની શક્યતા છે. ત્યારબાદ તમામ વોર્ડ, જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓમાં મશીનોને મતદાન કેન્દ્રો સુધી પહોંચાડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મતદાનના દિવસે કોઈપણ વિક્ષેપ ન આવે એ માટે તંત્ર દ્વારા તમામ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. સુરક્ષા વ્યવસ્થા, સ્ટાફની તૈનાતી અને મશીનોની ચકાસણી સહિતની કામગીરી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. આ રીતે સુરતમાં ચૂંટણી માટે તંત્ર દ્વારા વ્યવસ્થિત અને સુસજ્જ તૈયારીઓ કરવામાં આવી રહી છે, જેથી મતદારો સરળતાથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.

ઉલ્ટીગંગા: સુરતમાં...

ભારતીય હવામાન વિભાગ (IMD)ની તાજેતરની અપડેટ અનુસાર સુરત સહિત રાજ્યના ઘણા વિસ્તારોમાં તાપમાન 40 ડિગ્રીની નજીક પહોંચી રહ્યું છે. હીટવેવની પરિસ્થિતિ હજી યથાવત રહેશે, જેના કારણે લોકો માટે આરોગ્ય સંબંધિત જોખમો વધી શકે છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને બિમાર લોકો માટે સાવચેતી જરૂરી બની છે.

પુણે એરપોર્ટ પર...

કોલકાતા પર પરત મોકલવામાં આવ્યા હતા. જ્યારે બેંગ્લુરુથી પુણે જતી ફ્લાઈટ 6E-528 પણ રાત્રે 11:35 વાગ્યે સુરત એરપોર્ટ પર સલામત રીતે ઊતરી હતી. આ ફ્લાઈટમાં કુલ 222 મુસાફર હતા અને તેને બે-07 પર પાર્ક કરવામાં આવ્યું હતું, જેમાંથી 101 મુસાફરને સુરતમાં ઉતારાયા હતા, જ્યારે બાકીના 121 મુસાફરને તેમના મૂળ સ્થળ બેંગ્લુરુ પર પાછા મોકલવામાં આવ્યા હતા.

બંને ફ્લાઈટ્સ સુરત એરપોર્ટ પરથી વહેલી સવારે લગભગ 3:40 વાગ્યે પોતાના મૂળ ગંતવ્ય તરફ રવાના થઈ હતી. આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન સુરત હવાઈ મથક પર પરિસ્થિતિને અત્યંત સુચારું અને કાર્યક્ષમ રીતે સંભાળવામાં આવી હતી. મુસાફરોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી અને કોઈ પણ નકારાત્મક પરિસ્થિતિ નોંધાઈ નહોતી.

ધંધુકામાં બે...

હતી જેને કારણે સમગ્ર વિસ્તારમાં તંગદીલી છવાઈ જવા પામી હતી. આ ઘટનાને પગલે પોલીસે શહેરમાં પરિસ્થિતિને કાબુમાં લેવા થોડા સમય માટે કર્ફ્યુ નાંખ્યો હતો.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ ધંધુકામાં નસીબ સોસાયટી વિસ્તારમાં બાઈક ઓવરટેક કરવા જેવી બાબતમાં બે યુવકો વચ્ચે બોલાચાલી થઈ હતી. એક યુવકની પત્નીને બ્યુટી પાર્લરમાં મુકવા જઈ રહ્યો હતો, ત્યારે અન્ય યુવક સાથે બાઈકની ઓવરટેકની બાબાતમાં બોલાચાલી થઈ હતી. આ ઘટના બાદ કેટલાક યુવકોનું ટોળુ ઝઘડો કરનાક યુવકના ઘરે પહોંચી તે યુવક સાથે મારામારી કરતા યુવકે ધર્મેશના પગમાં છરી મારી હતી જેથી તેને હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મૃત્યુ થયું હતું.

નડિયાદ GSTના...

ગયા, ત્યારે ત્યાં હાજર ઈન્સ્પેક્ટર સુબોધ ચૌહાણ અને સુપરિન્ટેડન્ટ અમરનાથ સરોજે કાગળોમાં જી.એસ. ટી. બાબતે ક્ષતિ હોવાનું જણાવ્યું હતું. આ ગાડી છોડાવવા સામે બંને અધિકારીઓએ ફરિયાદી પાસે રૂા. ૫૫,૦૦,૦૦૦/- (પંચાવન લાખ) ની જંગી લાંચની માંગણી કરી હતી. જે પૈકી પ્રથમ હપ્તા તરીકે ૧૦ લાખ રૂપિયા અગાઉ આપવા માટે દબાણ કર્યું હતું.

ફરિયાદી લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી તેમણે તુરંત એ.સી.બી.ના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે તા. ૧૮/૦૪/૨૦૨૬ના રોજ નડીયાદ સેન્ટ્રલ જી.એસ.ટી. ઓફિસ ખાતે લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.આયોજિત ટ્રેપ દરમિયાન, બંને આરોપીઓએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી અને રૂાં. ૧૦ લાખની લાંચ સ્વીકારી હતી. નાણાં સ્વીકારતાની સાથે જ એ.સી.બી.ની ટીમે ત્રાટકીને બંને આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા અને લાંચની રકમ પણ જપ્ત કરી હતી.એ.સી.બી.એ બંને વર્ગ-૨ ના અધિકારીઓ વિરુદ્ધ ગુનાહિત ગેરવર્તણૂકનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આટલી મોટી રકમની લાંચના કેસને પગલે સરકારી વિભાગોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

મેટ્રોએ ધંધા-રોજગાર...

થઈ ગયા છે. અનેક વેપારીઓના ધંધા-રોજગાર બંધ થઈ ગયા છે. અનેકના ઘરમાંથી નીકળવું અઘરૂં થઈ ગયું છે પરંતુ સુરતના નેતાઓને તેની કોઈ જ દયા આવી નથી. અસરગ્રસ્તોએ મનપા કચેરીમાં પણ જઈને રજૂઆતો કરી પરંતુ કોર્પોરેટરો પણ કશું કરી શક્યા નહીં. નેતાઓએ કોઈને ગંભીરતાથી લીધા નહીં અને ના તો એવો કોઈ નેતા હતો કે જેના અવાજનો પ્રભાવ પડી શકે. સરવાળે લોકો હજુ પણ હેરાન થઈ રહ્યા છે. હાલમાં મનપાની ચૂંટણી ચાલી રહી છે ત્યારે મતદારો શા માટે મત માટેની નેતાઓની રજૂઆતો સાંભળે તેવા પ્રશ્નો લોકો કરી રહ્યા છે.

અત્યાર સુધીમાં 20ની...

હતી. કેટલાક તોફાની તત્વોએ દુકાનો અને વાહનોમાં તોડફોડ કરી આગ ચાપી હતી, હાલમાં સમગ્ર પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. હાલમાં પોલીસની પ્રાથમિક્તા ધરપકડ કરાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ દુકાનો અને વાહનોમાં આગચંપી કરનાર કોઈપણ લોકો હશે તો તેમની વિરુદ્ધ પણ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. કાયદો હાથમાં લેનાર દરેક વ્યક્તિ વિરુદ્ધ કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરાશે. અત્યાર સુધીમાં પોલીસે 20થી વધુ લોકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અસરગ્રસ્તોએ નેતાઓને...

પણ નક્કી કરાયેલી ડેડલાઈન પ્રમાણે કોઈ જ કામગીરી કરવામાં આવી નહીં. લંબેહનુમાન રોડ, ટાવર રોડના વેપારીઓએ એવું કહ્યું કે, અમારી દાયકાઓ જૂની પેઢીઓ અસરગ્રસ્ત થઈ ગઈ છે. ધંધાઓ બંધ થવાની અણી પર આવી ગયા છે. મજુરાગેટથી કાદરશાની નાળ સુધી જતાં અનેક હોસ્પિટલોમાં દર્દીઓ લઈ જવા અઘરા બની ગયા હતા. હોસ્પિટલના સંચાલકોએ પણ ખૂબ રજૂઆતો કરી પરંતુ કોઈ નેતાને કશી જ તેની પડી નહોતી.

નેતાઓ પાછળ...

પ્રોજેક્ટ છે તો પછી શા માટે મનપા દ્વારા સરકારી કાર્યક્રમો માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે તેવા પ્રશ્નો પણ પુછાઈ રહ્યા છે.

અડાજણમાં બે વર્ષની બાળકી બેડરૂમમાં લોક થઈ: ફાયર બ્રિગેડે સુરક્ષિત રેસક્યુ કર્યુ

સુરતઃ સુરત શહેરના અડાજણ પાટિયા વિસ્તારમાં આવેલ ફિરદોઝ ટાવરમાં શનિવારે સાંજે એક બે વર્ષની નાની બાળકી અચાનક બેડરૂમમાં લોક થઈ ગઈ હતી. માતાએ તરત જ ફાયર કંટ્રોલ રૂમમાં સંપર્ક સાધતા અડાજણ ફાયર બ્રિગેડનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર સબ ઓફિસર દુર્ગેશ લાનકરે માહિતી આપતા જણાવ્યું હતું કે, બેડરૂમનો દરવાજો અચાનક બંધ થઈ જતા મેહરીન મુનીરભાઈ શેખ નામની બાળકી અંદર ફસાઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે પરિસ્થિતિને ગંભીરતાથી લઈ ત્વરિત કામગીરી શરૂ કરી હતી. ટીમે સાવધાનીપૂર્વક બેડરૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો અને બાળકીનું સલામત રીતે રેસ્ક્યુ કર્યું હતું. બાદમાં બાળકી સંપૂર્ણપણે સુરક્ષિત હોવાની ખાતરી કરી તેને તેની માતાને સોંપવામાં આવી હતી.માતાને જોતા જ રડતી બાળકી છાની થઈ ગઈ હતી.